કાન્તિ ભટ્ટ

# પ્રેમ પ્રતીક્ષા કરાવે છે જનમો જનમની

જર્મનીના યુવાનો દરેક વાતનો લડાઇ અને બળ દ્વારા ફેંસલો લાવવાની આવડતવાળા હોય છે.હેમ્બર્ગ શહેરનો આ ૧૮૩૪નો સાચો દાખલો છે. ત્યાં લશ્કરમાં બેરન નામનો એક હેન્ડસમ યુવાન આર્મી ઓફિસર હતો. તે કવિ પણ હતો. કાવ્ય માત્ર પ્રેમની અભિવ્યક્તિ માટે જ નહીં પણ કોઇનાં કટાક્ષ માટે પણ રચાતું હોય છે. બેરને એક કાવ્ય લખ્યું તેમાં તે એક આર્મી ઓફિસરની સુંદર પુત્રીને ચાહતો હતો તેના સૌંદર્યનું વર્ણન હતું. બસ તેના અંગેઅંગની નજાકત અને રૂપ, રૂપ અને બાહ્ય રૂપનું વર્ણન હતું પણ છેલ્લી બે લીટીમાં બીજો એક યુવાન ઓફિસર જે પણ આર્મી ઓફિસરની પુત્રી નિહીતાને ચાહતો તે યુવાન આ નિહીતા માટે લાયક નથી તેવો ઉલ્લેખ હતો. આ કવિતા નિહીતાના બીજા હરીફ-પ્રેમીએ વાંચી અને પછી બંને એ જમાનામાં કોઇપણ ફેંસલા માટે ડ્યુએલ થતું તે મુજબ લડ્યા. કોણ બળિયો છે તે દેખાડવા માટેનું યુદ્ધ થતું. નિહીતા માટેના આ ડ્યુએલમાં બંને યુવાનો મરી ગયા.

નિહીતાને આ વાતની ખબર પડી ત્યારે તેને હસવા સાથે પીડા પણ થઇ ખરેખર તો નિહીતાની ચાહત જુદી જ વ્યક્તિ માટે હતી. અર્લ સ્ટોવેલ નામાના ફિલસૂફે કહ્યું કે આ જિંદગી બ્યુટીફૂલ છે. ચારેકોર કુદરતમાં બ્યુટી જ બ્યુટી  છે. તે બ્યુટીને જોવાની દૃષ્ટિ હોવી જોઇએ. પણ સૌથી ઉમદા બ્યુટી એ છે જે માનવીના ઇનર સેલ્ફમાંથી જાગે-જે આંતરિક સૌંદર્ય જોઇ શકે છે. તે જ ખરો પ્રેમી છે. પણ આવસ આંતરિક સૌંદર્યને પામવા કે આવા સાત્ત્વિક પ્રેમને પામવા લાં...બી પ્રતીક્ષા કરવી પડે. આખા જન્મારાની રાહ પછી બીજા જન્મારામાં પણ તમારાં પ્રેમી કે પ્રેમિકાની રાહ જોવી પડે. માનવીના આંતરિક પ્રેમની વાત ખૂબ જ રહસ્યમય છે. તે રહસ્યને વિધાતા કે કુદરત કે ઈશ્વર-અલ્લાહ જે કહો તે જ જાણે છે. તે તમને સાચો પ્રેમ મેળવવા તડપાવે છે.

લગભગ ઉપરની વાતને ઉજાગર કરે તેવો સાચો કિસ્સો વાંચશો તો બે ઘડી વિચારમાં પડી જશો. તમારી સંવેદના અતિ વિરાટ હોય ત્યારે કુદરત ઇચ્છે છે તેમ તમે ગમે તેવા મહાન હો પણ તમારું જીવન યોગ્ય જીવનસાથી હૃદયસાથી કે પ્રેમસાથી વગર ઝૂરતું રહે છે. આ ઝુરવાટ છતાં પ્રિયપાત્ર મળે કે ન મળે અને મળે ત્યારે કેવા સંયોગમાં મળે તેને લગતી સાચી વાર્તા કાર્લ બેકલ નામનાં જર્મન ઈતિહાસકારે લખી છે. તેમણે કહેલું કે દુનિયામાં બનતી ઘટનાનો સાચો ઈતિહાસ તમે લખી ન શકો. માનવના મનમાં-હૃદયમાં કંડારેલી હકીકતને તમે ઈતિહાસબદ્ધ ન કરી શકો.

એનું નામ નિહીતા હતું. આ નિહીતા ૨૨ની ઉંમરે જ મરી ગઇ અને મરીને તેણે પોતાના પ્રેમજીવનનું સપનું પૂરું કર્યું. તેનું જીવન મર્યા પછી પણ એક એવા યુવાન સાથે જોડાઇ ગયું જેને તે ભૌતિક દેહે કદી મળી નહોતી. તેના વિશે કંઇ જાણતી સુદ્ધાં નહોતી. છતાં જાણતી હતી તે વાતની તેને પણ જાણ નહોતી! શું એ યુવતીનું અજાગૃત મન એ વિશે જાણતું હતું ? ખરેખર તો આ ઘટનાને વાર્તા કહેવી તે નિહીતાને અન્યાય છે કારણ કે આ સાચી બનેલી ઘટના છે.

નિહીતાના પિતા ઇજનેર હતા. બેકાર માણસ તરીકે જર્મનીથી આવીને અમેરિકાના બાલ્ટીમોર શહેરમાં વસેલા. નિહીતા કિશોર વયે ખૂબ હસમુખી બધાને વહાલી લાગે તેવી અને કિલકિલાટ કરતી એવી બધાને વળગી પડે જાણે આખી દુનિયાને ચાહતી હોય. નિહીતા કંઇને કંઇ કર્યા જ કરતી. ૯ વર્ષની ઉંમરે તેને વ્યાયામ શિક્ષિકા થવું હતું. તે ઉંમરે તે માનતી કે માત્ર શરીરનો વ્યાયામ નહીં મનનો વ્યાયામ પણ હોવો જોઇએ. બની શકે તો આત્માનો વ્યાયામ હોવો જોઇએ. તે પિતાને પૂછતી કે તમે ઇજનેર છો તો મને કહો કે આત્માની ઉપર ઇજનેરી લાગુ થાય ? વ્યાયામ શિક્ષિકા તો ન બની શકી પણ પછી તેનું વલણ સંગીત તરફ વળ્યું. નિહિતા જાણે ઓલરાઉન્ડર હતી. ઇજનેર પિતા સિદ્ધાંતવાદી હતા એટલે ત્યાંના ધોરણ પ્રમાણે ગરીબ હતા. સાંકડી જગ્યામાં આ નિહીતા કેમ તેના સાહિત્યના રસને પોષતી હશે ? તેની તમને વિમાસણ થાય તેની કવિતા અને વાર્તામાં તેની અભિપ્સા અને સપનાંઓને પ્રતિબિંબિત કરતી તેણે એક કવિતા લખેલી તેનો ભાવાનુવાદ આવો કંઇક થઇ શકે.

હું એને મેળવવા હાથ લંબાવું છું પણ
એ હાથનું મૂલ્ય નથી કારણ કે

વિધાતાના હાથ લાંબા છે.
તો પણ જ્યારે હાથ લંબાવું છું ત્યારે
શરીરમાં ધ્રુજારી પેદા થાય છે અને પછી
હું આંખો બંધ કરી દઉં છું
મારા સપનાંને મારા દિલમાં જકડી લઉં છું
અને હું એની રાહ જોઉં છું. જે અત્યારે છે નહીં

પણ આવશે..જરૂર આવશે...

નિહીતાની આ પ્રતીક્ષા થકી કે બીજા કોઇપણ કારણસર તેને કૅન્સર થઇ ગયું. એ પછી તે જ્યારે કવિતા લખતી ત્યારે જાણે મૃત્યુની પ્રતીક્ષા કરે છે તેવું લાગતું. મૃત્યુ વિશેની તે કલ્પના કરે છે કે શું છે તેની કોઇને ખબર પડતી નહીં. નિહીતાએ લખેલું ‘મૃત્યુ શું છે ? ‘મૃત્યુ શાશ્વત છે. પણ મને તેની ખાતરી શી રીતે થાય ?’...‘જીવન પાસે આપણી સૌથી ઉમદા અપેક્ષા હોય છે તો તે મોતની છે.’

નિહીતાએ વળી બીજા લેખમાં લખેલું: ‘મને જીવન પર પ્રેમ છે અને હું જીવનનો ઉપભોગ કરું છું અને હું જીવનની પણ રાહ જોઉં છું. શું જીવન મારી રાહ જોશે ? તેની માતા આ વાંચતી ત્યારે રડી પડતી કે મારી નિહીતાને કંઇક વળગ્યું છે. નિહીતા ટીનેજ પછી હજી તો યૌવનમાં પ્રવેશતી હતી. એ સરકારી ગામમાં સરકારી નોકરો જ હતા. તેમાં આ ગરીબ સરકારી નોકરને ઘરે અત્યંત સ્વરૂપવાન નિહીતા જન્મેલી એટલે યુવાનો તેને માટે મોંઘી મોંઘી ભેટ લાવતા. નિહીતા પણ પછી આ સંસારના ઘટનાચક્ર પ્રમાણે ઇચ્છા અનિચ્છાએ કોઇનાં પ્રેમમાં પડતી. પણ તેને જે પ્રેમની શોધ હતી તે પાત્ર તેના સપનામાં હતું. તેનો સપનાનો રાજકુમાર હતો તેનાં જીવનમાં બનેલી અદ્‌ભૂત ઘટના આ વાતની પુષ્ટિ કરે છે.

૧૯૬૩ની સાલ હતી. શાળામાં હતી ત્યારે જ તે ચિત્રકાર બનેલી. એક દિવસ તેને એકલતા કોરી ખાતાં એક ચિત્ર બનાવવા બેસી ગઇ. આ પ્રથમવાર જ તેણે કોઇ વ્યક્તિનું પોટ્રેટ બનાવ્યું હતું. તેની જ ઉંમરના એક સોહામણા યુવાનનું તે ચિત્ર હતું. પણ એ છબીમાં ચહેરો નિહીતાના પરિચિત પૈકી કોઇનાય ચહેરાને મળતો આવતો નહોતો. તદ્દન અજીબોગરીબ અને અપરિચિત યુવાનનું ચિત્ર દોરાઇ ગયેલું.

‘કોણ છે આ છોકરો ?’ તેની માતાએ પૂછયું.

‘તું નહીં માને મા!’ નિહીતાએ હસીને કહ્યું.

‘આ મારા સપનાનો રાજકુમાર છે.’

‘મજાક છોડ નિહીતા. તને આવા ભાવુક ચહેરાવાળા મુખાનનનું ચિત્ર દોરવાનો વિચાર ક્યાંથી આવ્યો ?’નિહીતાએ સાચું જ કહી દીધું-હું નથી જાણતી ખરેખર. પણ મને એ ચહેરો દોરવાની આંતરિક પ્રેરણા થઇ અને અનાયાસ તસવીર બની ગઇ.

હિન્દી ફિલ્મનું એક ગીત છે ‘તસવીર બનાતા હું તસવીર નહીં બનતી..’ આતો ભૌતિક પ્રેમીનાં તલખાટની વાત છે. આત્માનો પ્રેમ કરનારી વાર્તાની જર્મન છોકરીએ તો અનાયાસ તસવીર બનાવી નાખી હતી. તલખાટ સાચો હોય તો તસવીર બને જ. જીવંત પણ.

નિહીતાને કોણ જાણે સતત માથાનો દુ:ખાવો રહેવા માંડ્યો. અસહ્ય પ્રકારની આધાશીશી હોય તેવો દુ:ખાવો હતો. ઘણી દવા કરી પછી ડૉક્ટરોએ હાથ ધોઇ નાખ્યા. કહી દીધું ‘આ શરીરના અંગની પીડા નથી-કોઇ બીજી જ પીડાએ આ માથાનો દુ:ખાવો પેદા કર્યો છે.’ ૧૯૬૭માં કૉલેજ પુરી કરીને નિહીતા અંગ્રેજીની પ્રોફેસર બની ગઇ. જીવન પ્રત્યેના તેના ઊંડા રસને કારણે પછી તે ફિલસૂફી શીખવનારી લોકપ્રિય શિક્ષિકા પણ બની. પણ ત્યારે જ તેનો અસહ્ય માથાનો દુ:ખાવો શરૂ થયો. એક વખત ફેબ્રુઆરી ૧૯૬૮માં માથામાં એવું ભયંકર દર્દ થવા માંડ્યું કે પથારીવશ થઇ ગઇ. દર્દમાં થોડીક રાહત થઇ એટલે પછી નિહીતા તેના આત્મબળ થકી વધુ સારી થઇ અને એકલી એકલી જિંદગી માણવા લાગી. પણ એ વર્ષની વસંત તેના જીવનની આખરી વસંત નીવડી. મૃત્યુનાં એક મહિના પહેલાં તેણે તમામ પ્રેમપત્રો ફાડી નાખ્યાં બધાં ચિત્રો ફાડી નાખ્યા પણ સપનાના રાજકુમારનું ચિત્ર ફ્રેમમાંથી કાઢીને સંભાળપૂર્વક પોતાની પેટીમાં મૂકી દીધું.

એક વખત નિહીતાએ તેની મમ્મીને કહ્યું કે મને બ્રેઇનટ્યુમર થયું છે. મમ્મીએ કહ્યું વહેમ છે પણ તું સતત વિચારો કરે એટલે બ્રેઇન બિચારું શું કરે ? એ પછી તેને લોહીની ઊલટી થવા લાગી. નોર્થ એડેલ હોસ્પિટલમાં દાખલ કરાઇ. બરાબર એ જ સમયે ૪૦૦ માઇલ દૂર ચાર્લસન શહેરમાં ૨૨ વર્ષના યુવાન વુડી જોન્સનને આંખમાં જીવલેણ દર્દ માલૂમ પડ્યું. નિહીતા જીવનમાં પૂર્ણ શ્રદ્ધા રાખનારી હતી. તો વુડી જોન્સન પણ એવો બડકમદાર પ્રેમી યુવાન હતો. તે બુદ્ધિ કરતાં હૃદયના પ્રેમને ઝંખતો. વુડી જોન્સન પણ લેખક હતો તે પણ કિશોર વયે વ્યાયામ શિક્ષિક અને પત્રકાર બનવા માંગતો હતો. વુડીની આંખની બીમારી કોણ જાણે વધતી ગઇ. તેની બીમારીને કારણે તેની આંખોનું તેજ વીલાઇ જવા માંડ્યું પણ એક આંખ માટે તો નેત્ર ચિકિત્સક ડૉ. વિલિયમ વેબોટે કહી નાખ્યું કે હવે વુડીની એ આંખ તદ્દન નકામી છે ત્યાં બીજી આંખ બેસાડવા કોઇ નેત્રદાતાને શોધવા જ પડશે અને એ પણ ૭૨ કલાકમાં.

આ બાજુ નિહીતાને માતા હોસ્પિટલ લઇ ગઇ. તે બેભાન હતી. ઇમરજન્સી રૂમમાંથી બહાર આવીને ડૉક્ટરે કહ્યું 'પુત્રીને બ્રેઇન ટ્યુમર છે તે તેની વાત સાચી છે. પણ અમે લાચાર છીએ હવે તેને ભગવાન જ બચાવી શકશે.' એક રવિવારે રાત્રે પોણા બે વાગ્યે નિહીતાની માતાને હોસ્પિટલમાંથી ફોન આવ્યો. માતાને ફાળ પડી કે હોસ્પિટલમાંથી મધરાતે ખરાબ સમાચાર માટે ફોન હશે. તેમ જ હતું પણ મધરાતે ફોન કરવાનું બીજું કારણ પણ હતું ડૉક્ટરે પૂછ્યું કે તમારી પુત્રીની આંખો નેત્રદાનમાં આપી શકાય ? તે માટે તમારી સહીની જરૂર છે. માતાએ કહ્યું સહી અબઘડી આપું નિહીતા જીવતી હોત તો તે પણ સહર્ષ હા ભણત. અરે નિહીતાએ તો કહેલું કે હૃદયનું પ્રત્યારોપણ થઇ શકતું હોય તો હું હૃદય પણ દાનમાં આપી દઉં...'આખરે તેની આંખો નેત્રબેંકમાં અપાઇ. પછી વુડી જોન્સનને નિહીતાની આંખો બેસાડાઇ. નિહીતાના માતા-પિતાને થયું કે પુત્રીની આંખો જેને બેસાડી છે તે કોણ છે તે જોવા જઇએ. માતાપિતા વુડી જોન્સનના ઘરે ગયા. નિહીતાની સુંદર આંખો યુવાનામં જોઇ માતા ગળગળી થઇ ગઇ. વુડીએ નિહીતાના માતા-પિતાને પોતાની તાજી તસવીર ભેટ આપી. છબી જોઇ માતા ધ્રુસકે-ધ્રુસકે આનંદથી રડી પડી. તસવીરનો યુવાન તો નિહીતાએ દોરેલો છબીવાળો જ આબેહૂબ યુવાન હતો ! કુદરત ફાંટાબાજ છે. ક્યારે તમને આપે છે. ક્યારે લઇ લે છે અને કેટલા સમય પછી આપે છે તેની ખાતરી નથી. એક જ ખાતરી છે કે પ્રેમ પ્રતીક્ષા કરાવે છે જન્મોજનમની.